રશિયામાં મુસાફરી કરતા ભારતીયો માટે સલાહ

રશિયન સશસ્ત્ર દળોમાં ભરતી કરાયેલા ભારતીય નાગરિકો વિશેના રિપોર્ટ અમને સતત મળી રહ્યા છે. સરકારે છેલ્લા બે વર્ષ દરમિયાન અનેક પ્રસંગોએ આ પ્રકારની કાર્યવાહીમાં રહેલા જોખમો અને ભય તરફ ધ્યાન દોર્યું છે; સાથે જ, ભારતીય નાગરિકોને સલાહ આપી છે કે તેઓ વિદેશમાં રોજગારીની તકો શોધતી વખતે સાવચેતી રાખે અને અપ્રમાણિત વ્યક્તિઓ તરફથી મળતી નોકરીની કોઈપણ ઑફરથી લલચાઈ ન જાય.

2. અમને એવા અનેક કિસ્સાઓ પણ જાણવા મળ્યા છે જેમાં વ્યક્તિઓ સ્વેચ્છાએ રશિયન સશસ્ત્ર દળોમાં જોડાવાની તકો શોધી રહી છે; તેઓ એ સમજણ સાથે આમ કરે છે કે તેમને તેનાથી મળતા આર્થિક લાભોનો ફાયદો મળશે અને બાદમાં ભારત સરકારનો સંપર્ક કરીને તેઓ ત્યાંથી સુરક્ષિત મુક્તિ મેળવી શકશે. પુનઃ ભારપૂર્વક જણાવવામાં આવે છે કે આ એક જોખમી માર્ગ છે અને સરકાર દ્વારા તેનાથી દૂર રહેવાની ભારપૂર્વક સલાહ આપવામાં આવે છે.

3. એવા પણ અનેક કિસ્સાઓ બન્યા છે જેમાં વ્યક્તિઓએ સ્વેચ્છાએ પોતાની ભારતીય નાગરિકતા છોડીને રશિયન પાસપોર્ટ મેળવવા અને ત્યારબાદ રશિયન સશસ્ત્ર દળોમાં ભરતી થવા માટે ભારતીય સત્તાવાળાઓનો સંપર્ક કર્યો હોય. કેટલાક લોકોએ કામયલાઉ આર્થિક લાભોની લાલચમાં આવીને ભારતીય સત્તાવાળાઓની સલાહ લીધા વિના જ આમ કર્યું છે. એવી સલાહ આપવામાં આવે છે કે વ્યક્તિઓએ આવા કૃત્યોની ગંભીરતા પર વિચાર કરવો જોઈએ અને તેઓ પોતાને કેવા જીવલેણ જોખમોમાં મૂકી રહ્યા છે તે સમજવું જોઈએ. સરકાર ભારતીય નાગરિકોને આવી કાર્યવાહી કરવાથી દૂર રહેવાની સલાહ આપે છે.

4. અમારા ધ્યાનમાં એ પણ આવ્યું છે કે સ્વૈચ્છિક જૂથો સહિતની બિન-જાહેર સંસ્થાઓ દ્વારા રશિયન સશસ્ત્ર દળોમાં સેવા આપવા માટે વિદેશી નાગરિકોની ભરતી કરવામાં આવી રહી છે. ભારતીય નાગરિકોને સલાહ આપવામાં આવે છે કે તેઓ વિદેશ મંત્રાલય પાસે નોંધાયેલા ન હોય તેવા એજન્ટ પાસેથી નોકરીની ઑફર સ્વીકારતા પહેલાં યોગ્ય સાવચેતી રાખે.

5. ભારત સરકાર રશિયન સશસ્ત્ર દળોમાં રહેલા તમામ ભારતીય નાગરિકોની સુરક્ષા, સુખાકારી અને તેમને વહેલી તકે મુક્ત કરાવવા માટે રશિયન પક્ષ સાથે સતત સંપર્કમાં છે.